
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગુરુજી તમે કહો છો ને કે જીવનમાં ગયેલું પાછું નથી આવતું... આ ઓમિક્રોન આવ્યું... હવે બોલો...!!




વાયબ્રન્ટ ગુજરાત સમિટ મહાત્મા મંદિર ખાતે આગામી દિવસોમાં યોજાશે. વાયબ્રન્ટ સમિટની જોરદાર તૈયારીઓ થઈ રહી છે. ગાંધીનગરને નવવધુનો શણગાર કરવામાં આવી રહ્યો છે. ગ રોડને આખે આખો રોશનીથી શણગારવામાં આવી રહ્યો છે. એકએક વૃક્ષને રોશની કરવામાં આવી રહી છે. જયાં જુઓ ત્યાં રંગબેરંગી લાઈટીંગ્સ જોવા મળી રહી છે. આંખો અંજાઈ જાય તેવી જોરદાર લાઈટીંગ્સ થઈ રહી છે. જ્યારે બીજી તસવીરમાં ગાંધીનગરમાં આજકાલ વાયબ્રન્ટનો ધમધમાટ છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટના કારણે નગરમાં જાણે ઉત્સવ હોય તેવો માહોલ છવાયો છે. મસમોટા બેનર અને હોર્ડીંગ્સ માર્ગો પર લગાવાઈ રહ્યા છે. જોકે હોર્ડીંગ્સના કારણે રાહદારીઓને તકલીફ પડી રહી છે.

# કોટેશ્વરની જમીનમાં ગેરકાયેદર કબ્જો જમાવવાની કોશિશ કરતા ૪ શખ્સો સામે ખેડુતની ઉચ્ચકક્ષાએ અરજી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચેના ગામોની જમીનના ભાવ કરોડોમાં બોલાય છે. ત્યારે ખેડુતોની કિંમતી જમીન પર ભુમાફિયાઓનો ડોળો ફરતો હોય છે. ત્યારે ગાંધીનગરના ભાટ ગામની કિંમતી જમીનમાં ગેરકાયેદસર પ્રવેશ કરી ચોકીદારને સાથે ગાળાગાળી કરી કબ્જો પડાવી લેવાનો પ્રયત્ન કરીને પૈસાની માંગણી કરતા જમીન માલિકે ચાર શખ્સો સામે તાત્કાલીક અસરથી કાર્યવાહી કરવા માટે ઉચ્ચકક્ષાએ લેખિત અરજી કરી પોતાની રજુઆત કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના કોટેશ્વર ગામની સીમમાં સર્વે નં.૧,૧૪૨, અને ૧૪૬ જેના અનુક્રમે નવા સર્વે નં.૧૧૦, ૨૨૮ અને ૨૩૩ વાળી જમીન કલોલના કાંઠા ગામના ગોવિંદસિંહ પૃથ્વીસિંહ ચાવડા વેચાણ હકકથી કાયદેસરનો પ્રત્યક્ષ કબ્જો ભોગવટો આવેલ છે. આ જમીન વર્ષ ૨૦૦૪-૦૫ થી હક્કે માલિકી અને કબજો ભગવટો ધરાવે છે. જયારે જમીનમાં ચોકીદાર રાખી ખેતીવાડી અને જમીનના જાળવણી કરવામાં આવે છે. ત્યારે કોટેશ્વર ગામના કાલુસીંગ ચાવડા, અમિતભાઈ ખુંટ, ગુલાબસિંહ અને પરેશભાઈ નામના શખ્સોએ તા.૩૦-૧૨-૨૧ ના રોજ સાંજના ૪ વાગ્યાના અરસામાં કાલુસીંગ ચાવડા તેમની સાથે ૧૫ થી વધુ માણસોનું ટોળુ લાવી ખેડુત માલિકના ચોકીદારને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે ઉપરાંત જગ્યા ખાલી કરવા અને કબ્જો સોંપી દેવા ગાળાગાળી કરી હતી. જયારે બાજુમાં જમીન હોવાથી રોજ ચોકીદારને ધાકધમકી આપતા હોવાનો પણ અરજીકર્તાએ જણાવ્યું છે.જયારે સર્વે નં.૧૪૨ ની જમીનમાં ઓએનજીસીના કોન્ટ્રાકટર દ્વારા જમીન સમતલ કરવાની કામગીરી ચાલી રહી હતી તે સમયે પણ આ શખ્સો આવી પહોંચીને કોન્ટ્રાકટર સાથે માથાકુટ કરી કામ બંધ કરાવી દીધુ હતું. જયારે સર્વે નં.૧૪૬ માં પણ આ શખ્સોએ ચોકીદાર પર હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જમીનનો કબ્જો ખાલી કરી નાંખો, નહીતર અમોને હપ્તો આપો તેમ કહી આર્થિક તોડ કરવાની ગેરકાયદેસર માંગ કરતા હતા. ત્યારે ખેડુત માલિકે આ શખ્સો સામે તાત્કાલીક અસરથી પગલા ભરવા માટે રાજયના ગૃહમંત્રી,ગાંધીનગર જિલ્લા પોલીસવડા ને લેખિત અરજી આપી યોગ્ય કરવા માંગ કરી છે.

# સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાંથી ૨ રીક્ષા ચોરાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાંથી બે દિવસમાં બે રીક્ષાની ચોરી થવા પામી છે. સેકટર-૨૪ શ્રીનગર સોસાયટીમાં ઘર પાસે પાર્ક કરેલી રીક્ષા રાત્રીના સમયે ચોરી થઈ છે. તો બીજીતરફ સેકટર-૧૬ આર વર્લ્ડ પાસે માર્ગ પર ઓઈલ લઈને પરત ફરેલા રીક્ષા ચાલકની રીક્ષા ગાયબ હતી. બંન્ને રીક્ષા ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૨૪ શ્રીનગર ઘર નં.૩૭૯-૭૪ શાક માર્કેટ પાસે મેલડી માતાના મંદિર નજીક રહેતા કમલેશ મંગળભાઈ સેનમા (ઉં.૩૪) ડ્રાઈવીંગ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે ગત તા.૩ ના રોજ સાંજના ૭.૩૦ વાગ્યના સુમારે રીક્ષા નં. જી. જે. ૧૮. એ. એકસ. ૨૪૫૮ પાર્ક કરી હતી અને સવારે આઠ વાગ્યાના સુમારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા ન હતી. રીક્ષાની આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા છતા મળી ના આવતા સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૮૫ હજારની રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં સેકટર-૨૪ ઈન્દીરાનગર મકાન નં. ૨૧૪ ખાતે રહેતા ૩૯ વર્ષિય જયંતિભાઈ ડાહ્યાભાઈ રાવળ સવારના સાડા અગીયાર વાગ્યાના અરસામાં સેકટર-૧૬ આર વર્લ્ડ પાસે ઓઈલ લેવા માટે ગયા હતા અને રીક્ષા રોડની બાજુમાં પાર્ક કરી હતી. ત્યારે ઓઈલ લઈને પરત ફરીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા ન હતી. પોતાની રીતે આસપાસના વિસ્તારમાં રીક્ષાની શોધખોળ કરી હતી. પરંતુ રીક્ષા મળી આવી ન હતી. શહેરમાં બે દિવસમાં બે રીક્ષા ચોરી થતા રીક્ષા ચોર ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે રૂ.૩૦ હજારની રીક્ષા ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક ૭ મીએ પ્રમુખની ચેમ્બરમાં મળશે.
- જિલ્લા કલેકટર આજે સાંજે ૫.૩૦ વાગે ગુગલ મીટ એપથી કોરોનાના કેસો અને સ્થિતિની સમીક્ષા કરી હતી.
- આજથી જિલ્લા પંચાયતમાં પણ બે ડોઝ વેક્સિનના લીધા નહિ હોય તો પ્રવેશ અપાશે નહિ તેવું બોર્ડ લગાવવામાં આવ્યું છે તેમજ મુલાકાતીઓ માટે ખાસ રજીસ્ટર નિભાવવામાં આવશે.
- દહેગામ તા.પં.ની કચેરીમાં ગઈકાલે સોશ્યલ મિડિયામાં ગંદકીના સમાચારો વાયરલ થયા પછી હરકતમાં આવેલા તંત્રએ આખી કચેરીની સફાઈ કરી દીધી.
- સસ્તા અનાજના વ્યાપારીઓ પાસેથી ખાંડ માટે દિપાવલી પર્વે આપેલા એડવાન્સ પૈસાનું ત્રણ મહિનાથી રિફંડ ના મળતાં વેપારીઓમાં રોષની લાગણી ઉભી થઈ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લાના વાતાવરણમાં આજે એકાએક પલ્ટો આવ્યો છે.
- પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે આજે રાજ્યના કોળી-ઠાકોર સમાજના આગેવાનો અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ વચ્ચે બેઠક યોજાઈ હતી.
- ગુજરાત વીજ નિયમન પંચના અધ્યક્ષ તરીકે અનિલ મુકીમે આજે વિધિવત્ ચાર્જ સંભાળ્યો છે. આ પૂર્વ મુખ્યમંત્રીએ તેમને હોદ્દા અને ગુપ્તતાના સોગંદ લેવડાવ્યા હતા.
- માણસા તાલુકા પંચાયતની સામાન્ય સભા ૧૦મી જાન્યુઆરીના રોજ મળશે.
- દહેગામના જીંડવા ગામનો યુવક આર્મીમાં ૧૭ વર્ષની સેવાઓ આપ્યા બાદ નિવૃત્ત થઈ વતન પરત ફરતાં ગ્રામજનોએ તેનું ભવ્ય સ્વાગત કર્યુ હતુ.



## સિવિલમાં વિવિધ કામગીરી પુરજોશમાં

તાજેતરમાં રાજયના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન સફાઈ, પાણી લીકેજ અને અન્ય મુદ્દાઓને લઈ તંત્રને ટકોર કરી હતી. જેને પગલે સિવિલ તંત્રમાં હાલના સમયે વિવિધ કામગીરી પુરજોશમાં શરુ કરી દેવાઈ છે. જેમાં પીઆઈયુ વિભાગ દ્વારા પાણી અને ગટરના લીકેજ દુર કરવામાં આવી રહ્યા છે. તો બીજીબાજુ સિવિલમાં ગંદકી દુર કરવા માટે સફાઈ કામગીરી પણ પુરજોશમાં ચાલુ છે. જયારે કલરકામ તેમજ ઈલેક્ટ્રીક વિભાગ સહિતની કામગીરી ચાલી રહી છે. જેમાં લાઈટો અને પંખા નાંખવાનું કામ પણ તાત્કાલીક ધોરણે થઈ રહ્યું છે.

## પોર ગામેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વાય.વાય.ચૌહાણ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન હે.કો મુકેશસિંહ દલપતસિંહને બાતમી મળી હતી.જેને પગલે પોર ગામના પુન્દ્રાસણ વાસમાં જોગણી માતાના મંદિર પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સ અજય ઉર્ફે લાલો ચંદુજી ઠાકોર (રહે.પોર ગામ)ને પકડી પાડ્યો હતો. પોલીસે આ શખ્સ પાસેથી વરલી મટકાનું સાહિત્ય તેમજ રોકડા રૂ.૨૦,૧૦૦ તેમજ મોબાઈલ ફોન નંગ.૧ કિં.૧૦ હજાર મળી કુલ રૂ.૩૦,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ચ માર્ગ સેકટર-૨ના વળાંક પાસે ફોર્ચ્યુનરની ટકકરે એકટીવા ચાલકને ઈજા

ગાંધીનગર, તા.૫

શહેરના ચ માર્ગ પર ગતરોજ સવારના સમયે એકટીવા અને ફોર્ચ્યુનર ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં એકટીવા ચાલકને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮માં લઈ જવાયા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. સેકટર-૭ પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૧ સી પ્લોટ નં.૪૯૦ ખાતે રહેતા મધુકાંત ભુરાભાઈ ભાલાલા (ઉં.૬૫) પરિવાર સાથે રહે છે અને નિવૃત જીવન ગુજારે છે. ગત તા.૪ જાન્યુઆરીને મંગળવારના રોજ મધુકાંતભાઈના મોટાસાળા દુર્લભજીભાઈ કરશનભાઈ ધાનાણી (ઉં.૬૬, રહે ગામ-જાત્રોડા, તા.લીલીયા મોટા, જી અમરેલી) તેમજ નાના સાળા જગદીશભાઈ કરશનભાઈ ધાનાણી (રહે. સેકટર-૨ ડી પ્લોટ નં.૧૬૬૪-૧) ફરીયાદીને મળવા માટે એકટીવા નં. જી.જે.૧૮.ક્યું-૪૪૨૫ લઈને આવ્યા હતા. જયારે દુર્લભજીભાઈ મને મળી આશરે બાર વાગ્યાના અરસામાં એકટીવા લઈને સેકટર-૨ માં તેમના ભાઈ જગદીશના ઘરે જવા માટે નીકળ્યા હતા. હું પણ મારી ગાડી નં. જી.જે.૨૭. કે.૨૯૦૯ લઈ ફરીયાદી તેમજ તેમનો દિકરો સ્મિત ને સેકટર-૨ ખાતે જગદીશભાઈના ઘરે જમવાનું હોવાથી સેકટર-૨ ડી ખાતે ગયા હતા. તે સમયે માસા સાળા દુર્લભજી ભાઈ મારી આગળ નીકળ્યા હતા. સેકટર-૧ માંથી ચ માર્ પર સેકટર-૨ માં જવા જમણી બાજુ વળાંક લેતા સમયે કટ પાસે ફોર્ચ્યુનર કાર નં. જી.જે.૧૭સી.એ-૪૦૫૦ તેમજ એકટીવા નં. જી.જે.૧૮.ક્યું.૪૪૨૫ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સેકટર-૨ માં ફરીયાદીના નાના સાળા જગદીશભાઈના ઘરે ગયા હતા. તે સમયે સેકટર-૨ ના ઘરે દુર્લભજી પહોંચ્યા ન હતા. જગદીશભાઈએ ફોન કરતા ૧૦૮ ના કર્મચારીએ ઈજા પામનાર વ્યકિતને લઈ જાય છે. જેથી સિવિલ ખાતે ફરીયાદી તેમજ તેમના સાળા દોડી આવ્યા હતા. માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હોવાથી આગળની તપાસ હાથ ધરી છે.



## કુડાસણમાં એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળકોનું રસીકરણ

શહેરમાં ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકોને કોરોના પ્રતિરોધક રસીકરણનો કાર્યક્રમ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે જે અંતર્ગત કુડાસણ ખાતેની એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલમાં પણ બાળકો માટે રસીકરણ યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના મેનેજીંગ ટ્રસ્ટી તથા ગાંધીનગરની મધુર ડેરીના ચેરમેન ડો.શંકરસિંહ રાણા ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમણે બાળકોને સલામત સલામત રહેવા માટે ડર્યા વગર વેક્સિન લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોએ પણ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક રસીકરણ કાર્યક્રમનો લાભ લીધો હતો.

# રૂપાલના વરદાયિની માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર અંતિમ તબક્કામાં

ગાંધીનગર તા.૦૫

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે સુપ્રસિદ્ધ શ્રી ચાલુ છે. પ્રાપ્?ત માહિતી અનુસાર ટૂંક સમયમાં મંદિરના જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ થઈ જશે. હવે પૂર્ણ થવાના આરે છે. પ્રાપ્?ત માહિતી અનુસાર આ મંદિરના જીર્ણોદ્ધારનું કામ મોટાભાગનું પૂર્ણ



વરદાયિની માતાજીના મંદિરે જીર્ણોદ્ધારનું કામ અંતિમ તબક્કામાં છે. હાલ મંદિરની આસપાસ આવેલ જગ્યા પર ભોંયતળિયાનું કામ ચાલુ છે તેમજ નિજ મંદિરના ગર્ભગૃહમાં પોલીશિંગ અને ફીનીશીંગનું કામ

રૂપાલ ખાતે સુપ્રસિદ્ધ શ્રી વરદાયિની માતાજી આવેલું છે જે આસો નવરાત્રિની નોમના દિવસે ભરાતી પલ્લીનો મેળો ભરાય છે તે જગવિખ્યાત છે. શ્રી વરદાયિની માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર ઘણા લાંબા સમયથી ચાલુ હતો તે

થઈ ગયેલ છે, અને હવે મંદિરની આસપાસની ખુલ્લી જગ્યા પર ભોંયતળિયાનું કામ ચાલી રહ્યું છે જ્યારે નિજ મંદિરના ગર્ભગૃહમાં પોલીશિંગ અને ફીનીશીંગનું કામ ચાલુ છે જે પણ ટૂંક સમયમાં પૂર્ણ થતાં મંદિરના જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ થઈ જશે.

# શ્રીમાળી બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

શ્રીમાળી બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ ૨૬/૧૨/૨૦૨૧ રવિવારના રોજ હોટલ ઘૂંઘટ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સમાજના પ્રમુખ શ્રી કિશોરભાઈ ત્રિવેદી તથા મંત્રી શ્રીમતી વિમળાબેન ઉપસ્થિત રહ્યા હતા. તથા કારોબારી સભ્યોએ પણ પરિવાર સાથે હાજરી નોંધાવી હતી.



આ સ્નેહમિલન કાર્યક્રમમાં ઈષ્ટદેવ મહાદેવ તેમજ કુળદેવી મહાલક્ષ્મીની પ્રાર્થના સાથે દીપ પ્રાગટ્ય થયું હતું.

ત્યારબાદ કોરોના કાળમાં સ્વર્ગે સીધાવનાર દિવંગતોને શાંતિ મંત્ર દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં સમાજના બાળકો તેમજ મોટેરાઓ માટે સંગીત ખુરશી અને હાઉસી જેવી રમતો રમાડવામાં આવી હતી. તે ઉપરાંત નોકરીમાં પ્રમોશન મળ્યું હોય, નિવૃત્ત થયા હોય તથા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સર્વજ્ઞાતિજનોએ પરિવાર સાથે પ્રીતિ ભોજનનો આનંદ માણ્યો હતો.

સમાજના પ્રમુખ શ્રી કિશોરભાઈ ત્રિવેદી અને મંત્રી શ્રીમતી વિમળાબેન અયાચીએ સર્વે જ્ઞાતિજનોને આવનારું નવું વર્ષ સ્વાસ્થ્યપ્રદ રહે તે માટેની શુભકામનાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખજાનચી પરેશભાઈ ત્રિવેદી અને જયેશભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

# જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં વેકસીનેશનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

આજથી સમગ્ર દેશમાં ૧૫ થી ૧૮ વર્ષ ના તમામ બાળકોને વેક્સિન આપવાનો શુભારંભ કરવામાં આવ્યો છે ત્યારે આજે જે.એમ. ચૌધરી સાર્વજનીક કન્યા વિદ્યાલય ગાંધીનગર ખાતે માન. શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કોવિડ વેક્સિનેશન કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, ગાંધીનગર મહાનગર ના પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ , પુર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખ હરીભાઈ ચૌધરી, કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા.

આવતીકાલ ૬/૧/૨૨ ના રોજ સવારે ૧૦ વાગ્યાથી બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓને રસી આપવામાં આવશે જેની વાલીશ્રીઓ નોંધ લે તેવું શાળાના આચાર્ય રમીલાબેન ચૌધરીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# શનિવારે આર્ષ પ્રવચન માળામાં જગદ્ગુરૂ આદિ શંકરાચાર્યના જીવન પર વક્તવ્ય

આદિ શંકરાચાર્ય ભારતની જ નહિ, સમગ્ર વિશ્વની એક વિરલ વિભૂતિ ગણાવી શકાય. તેઓ આઠ વર્ષે ચારેય વેદો ભણી લીધા. બાર વરસની ઉંમરે તમામ શાસ્ત્રના પંડિત બની ગયા. સોળ વર્ષની ઉંમરે તેમણે પ્રસ્થાનત્રયી પર ભાષ્યો લખ્યા અને બત્રીસ વર્ષની ઉંમરે આખા ભારતના ઈતિહાસને પલટી નાખે તેવી ભારતની ચારેય દિશામાં ચાર મઠોની પરંપરા સ્થાપી અનેક નવા શાસ્ત્રો લખ્યાં. પૃથ્વી પર વસતા અધ્યાત્મના લાખો ચાહકોના હૃદયમાં સ્થાન મેળવ્યુ અને લોકોમાં સનાતન ધર્મને ફરીથી સન્માનિત કર્યો હતો.

એવી ભારત વર્ષની સમગ્ર સંસ્કૃતિ પર પોતાનો વિશિષ્ટ પ્રભાવ પાડનાર, પ્રખર વિદ્વાન, યુગપ્રવર્તક, અભૂતપૂર્વ વ્યક્તિત્વ ધરાવનાર આદિ જગદગુરુ શંકરાચાર્યના એ પવિત્ર પ્રતિભાશાળી અને લોકોત્તર જીવનની ઝાંખી તેમજ તેમના તત્વજ્ઞાન વિષે જાણવા માટે આર્ષ, ત્રૈમાસિક પ્રવચનમાળા, પ્રવચન-૯૮માં ૮-૧-૨૨ શનિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૭ દરમ્યાન, હરિમંદિર સભાગૃહ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

**ઈ-ટેન્ડર ટુંકી જાહેર નિવિદા નં.૧૧ સને ૨૦૨૧-૨૨**
**ઓનલાઈન**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(વિજળીકરણના કામના ઠેકેદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪ ગાંધીનગર દ્વારા વિજળીકરણના ૪ (ચાર) કામ માટે જેની અંદાજીત કિંમત રૂ. ૭૮,૯૭૩.૯૨ થી રૂ. ૨,૯૯,૯૨૨.૩૩ની વચ્ચે છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૧૨/૧/૨૦૨૨ને સમય ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

માહિતી/૧૯૧૧/૨૧-૨૨

**Gandhinagar District Co.Op. Milk Producer's Union Limited**

Offer is invited for Architecture cum Structural Design Consultancy Services for desigining of 30 MTPD capacity powder plant for Madhur Dairy Gandhinagar at Dashela, Only Firms / Companies having minimuum 5 years expreince of providing architecture cum structural design consultancy service for milk Co-operative bodies shall apply. Interested bidders are requested to send their offer, qualification documents, past experience and other technical documents along with company profile, last date of sumitting the offer before 13/1/2022 till 16:00 hrs. The Bidder should submit rates in form of percentage (%) of Total project cost. The right is reserved to Managing Director to accept, reject or cancel the offer.

**Managing Director,**
**Gandhinagar District Co.Op. Milk Producer's Union Limited**
**Madhur Dairy, "K" Road, G.I.D.C., Electronics Estate,**
**Sector-25, Gandhinagar-382024. 07923287135**